# Dashavatar Stories

## Table of Contents


મત્સ્ય અવતાર (Matsya Avtar)....2

કુર્મ અવતાર (Kurma Avtar)....3

વરાહ અવતાર (Varaah Avtar)....4

નરસિંહ (Narsimh)....5

પરશુરામ અવતાર (Parshuram Avtar)....6

વામન અવતાર (Vaaman Avtar)....7

બુદ્ધ અવતાર (Buddha Avtar)....8

રામ અવતાર (Ram Avtar)....9

કૃષ્ણ અવતાર (Krishna Avtar)....10

કલ્કિ અવતાર (Kalki Avtar)....11


Vedlnk

# મત્સ્ય અવતાર (Matsya Avtar)

એક દિવસ મનુ નદીમાં સ્નાન કરતા હતા.  મનુએ આચમન કરવા પાણી હાથમાં લીધું તો પાણી સાથે નાની માછલી હાથમાં આવી. તે માછલીને નદીમાં પાછી નાખવા જતા હતા ત્યાં જાણે માછલીએ કહ્યું કે મહેરબાની કરીને મને પાણીમાં પાછી ન મૂકશો!" મનુને માછલી પર દયા આવી અને તેમણે માછલીને આશ્રમમાં લાવી નાના વાસણમાં મૂકી.દિવસે દિવસે માછલી મોટી થવા લાગી. મનુ માછલીને વધુ ને વધુ મોટા વાસણોમાં મુકતા રહ્યા, પણ આખરે માછલી ખૂબ મોટી થઈ કે તે મનુ ના ઘરમાં સમાઈ ન શકી. આખરે મનુ માછલીને દરિયામાં મુકવા ગયા. વિદાય લેતા માછલી મનુ ને કહે કે ભવિષ્યમાં ક્યારેય મદદની જરૂર હોય તો મને ચોક્કસ બોલાવજો અને હું જરૂર પાછી આવીશ. આમ વચન આપી તે પાણીમાં અદૃશ્ય થઈ ગયી. મનુ તેમના આશ્રમ માં પાછા આવી આદિવાસી લોકોને મદદ કરવામાં દિવસો કરવા લાગ્યા. મનુ તેમને કુટુંબ માં સહકાર થી રહી ખેતી કેવી રીતે કરવી તે શીખવ્યું.તેમણે આદિવાસીઓને કુદરતનો આદર કરતા અને પ્રભુ કેન્દ્રિત જીવન જીવતા શીખવાડ્યું. એક દિવસ અચાનક મોટું તોફાન આવ્યું અને મુશલદાર વરસાદ પડતા બધી જમીન પાણીથી છલકાઈ ગઈ. આ જળબંબાકાર સ્તિથીમાં મનુને બધા લોકો કેવી રીતે જીવ બચાવશે તેની ચિંતા હતી. ત્યાં દૂરથી મનુએ સમુદ્રમાં પેલી માછલી જોઈ. સમસ્યાનો ઉકેલ લાવવા માછલીએ મનુને એક મોટી હોડી બનાવવા કહ્યું.મનુ અને આદિવાસી લોકો હોડી માં બેઠા અને માછલીએ હોડીને તોફાન અને પૂર થી બચાવી. મનુએ આમ સંસ્કૃતિ પુનઃસ્થાપિત કરતા લોકોને સમજાવ્યું કે આ મદદ ભગવાન વિષ્ણુએ જ માછલી ના રૂપે કરી છે.

# કુર્મ અવતાર (Kurma Avtar)

દેવો તેમનો સમય ભગવાનનું કાર્ય કરવામાં અને માનવજાતને મદદ કરવામાં વિતાવતા. પરંતુ હવે તેઓને સમસ્યા હતી કે દાનવો સાથે સતત લડાઈ લડીને તેઓ થાકી ગયા હતા. તેમની શક્તિને નવા પ્રકાશની જરૂર હતી. તેથી દેવોએ પ્રયાસ કરીને સમુદ્ર મંથન કરી અમૃત મેળવવાનું નક્કી કર્યું. મંથન કરવા  મંદરાચલ પર્વતને ઉપાડીને સમુદ્રમાં મુક્યો અને વાસુકી નાગ ને દોરડા તરીકે ઉપયોગ કરવા સંમત કર્યો. પરંતુ દેવોને સમસ્યા હતી, કે તેઓમાં સમુદ્ર મંથન કરવાની તાકાત નહોતી. તેથી તેઓએ મદદ લેવા દાનવોને આમંત્રણ આપ્યું. બંનેએ નક્કી કર્યું કે મંથન થી મેળવેલ વસ્તુઓ બંને વહેંચી ને લેશે. સમુદ્ર મંથન શરુ કર્યું પણ પાણીના વેગ ના કારણે મંદરાચલ પર્વત ડૂબવા લાગ્યો. તેને સ્થાયી રાખવા ભગવાન વિષ્ણુએ કાચબાનો અવતાર લઇ પર્વતને તેની પીઠ પર પકડી રાખ્યો. મંથન કરતા પ્રથમ હળાહળ ઝેર બહાર નીકળ્યું જેનાથી માનવ સૃષ્ટિ નું અસ્થિત્વ જોખમમાં પડ્યું પણ ભગવાન શિવે મદદ કરી તે ઝેર પીધું. ત્યારબાદ સમુદ્રમાંથી ચંદ્ર, પારિજાત, ઐરાવત, કામધેનુ, કલ્પવૃક્ષ, અપ્સરાઓ, રત્નો જેવા અદ્દભુદ ખજાના મળ્યા જે બંનેએ વહેંચી લીધા અને અંતે ધનવંતરી અમૃત સાથે સમુદ્ર માંથી બહાર આવ્યા. દેવો અને દાનવો બંને ને અમૃત જોયતું હતું, અંતે, એવું નક્કી કરવામાં આવ્યું કે મોહિની અપ્સરા બંને પક્ષો ને સમાનરૂપે અમૃત વહેંચશે. વાસ્તવમાં, મોહિની અપ્સરા ના વેશમાં ભગવાન વિષ્ણુ હતા. મોહિનીએ દાનવોને ફોસલાવી દેવોને અસલી અમૃત આપ્યું. આમ પ્રભુકૃપા થી દેવતાઓ, જેઓ ભગવાનનું કાર્ય કરી રહ્યા હતા, તેઓ અમૃત પામી બળવાન થયા.

# વરાહ અવતાર (Varaah Avtar)

હિરણ્યાક્ષ અત્યંત ઘમંડી બળવાન અસુર હતો. એક દિવસ પૃથ્વી માતા પર હુમલો કરી તે પૃથ્વી ને મહાસાગરમાં ઊંડે ખેંચી ગયો જેથી પૃથ્વી ઉપર અંધારું છવાઈ ગયું. ભુતળ પર માનવોને જીવવું મુશ્કિલ બન્યું અને પ્રાણીમાત્ર ના જીવનને ટેકો આપવું અઘરું બન્યું. તેથી દેવો ભગવાન વિષ્ણુ પાસે ગયા અને મદદ કરવા વિનંતી કરી. ભગવાન વિષ્ણુ વરાહ તરીકે અવતર્યા અને હિરણ્યાક્ષ પાસે ગયા અને પૃથ્વી માતા ને પરત કરવા સમજાવ્યો. હિરણ્યાક્ષએ સાચી વાત ને ગણકારી નહિ તેથી વરાહ ને હિરણ્યક્ષ સાથે યુદ્ધ કરવું પડ્યું. ભીષણ યુદ્ધ માં આખરે વરાહ નો વિજય થયો. તેમણે બ્રહ્માંડના મહાસાગરમાં કૂદકો માર્યો અને તેના દાંડી સાથે પૃથ્વી માતાને પાછી તેના યોગ્ય સ્થાને ગોઠવી અવતારી કાર્ય કર્યું.

vedlink

# નરસિંહ (Narsimh)

હિરણ્યકશિપુ શક્તિશાળી રાજા હતો પણ સ્વાર્થી હતો. તપ કરીને ભગવાન પાસે હિરણ્યકશિપુએ વરદાન માગ્યું કે તે પ્રાણી કે માણસ દ્વારા, દિવસે કે રાત્રે, મકાનની અંદર કે બહાર અથવા કોઈપણ શસ્ત્ર વડે મારી શકાય નહીં. વરદાન મળતા તેણે વિચાર્યું કે તે અવિનાશી બન્યો છે તેથી ભગવાન કરતાં વધુ શક્તિશાળી છે આમ જે પ્રભુ કૃપાથી શક્તિ મેળવી તે જ પ્રભુ નો દ્રોહ કરતા તેણે પ્રજાને આદેશ આપ્યો કે કોઈએ ભગવાનને યાદ કરવા નહીં. હિરણ્યકશિપુ આમ પોતાનું વર્ચસ્વ બતાવતો અતિ આનંદિત બની રાજ્ય કરતો હતો. કહ્યું છે કે જેને કોઈ ન પહોંચે તેણે તેનું પેટ પહોંચે! પ્રભુ કૃપા થી તેની પત્ની કાયધુએ પ્રહલાદ નામના પુત્રને જન્મ આપ્યો. બાળપણથી જ પ્રહલાદને પ્રભુ ભક્તિ તરફ વલણ હતું. તેનું કારણ કદાચ ગર્ભમાં નારદ મુનિ પાસે ભગવાનની મહાનતા ની ગાથા સામ્ભળીલી, કારણ નારદ ગર્ભવતી કાયધુ સાથે રોજ પ્રભુ પ્રેમની વાત કલાકો સુધી કરતા .તેના મિત્રો સાથે બાળપણમાં પ્રહલાદ હંમેશા ભગવાનની સ્તુતિ કરતો અને તેમની મહાનતાની વાતો કરતો હતો.આનાથી હિરણ્યકશિપુ ગુસ્સે થયા.બીજીબાજુ રાજ્યના પ્રજાજન પણ પ્રભુસ્પર્શી સુંદર વિચારો સાંભળી પ્રહલાદ તરફ આકર્ષાયા અને ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.હિરણ્યકશિપુએ પ્રહલાદને સમજાવવા શુંડ અને એન્ક્ર નામના શિક્ષકોને મોકલતા કહ્યું કે પ્રહલાદને ભગવાન કેન્દ્રિત વિચારો ભૂલી જવાનું શીખવો.શિક્ષકોએ તેમના શ્રેષ્ઠ પ્રયાસ કર્યા, પરંતુ પ્રહલાદ તેમનાથી પ્રભાવિત થયો નહીં. વાસ્તવમાં, શાળામાં ભણતા બીજા બાળકો પણ પ્રહલાદનું માની ભગવાનમાં વિશ્વાસ કરવા લાગ્યા! જેમ જેમ પ્રહલાદનો પ્રભાવફેલાયો તેમ તેમ હિરણ્યકશિપુ તેના પુત્રથી ડરતા તેનો દ્વેષ કરવા લાગ્યો. અંતે હિરણ્યકશિપુએ પ્રહલાદથી છૂટકારો મેળવવાનો નિર્ણય કર્યો.તેની આજ્ઞાથી પ્રહલાદને પર્વત પરથી ફેંકી દેવામાં આવ્યો , તેને ઉન્મત્ત હાથીઓની સામે મૂકવામાં આવ્યો, ફોઈ હોલિકા સાથે અગ્નિમાં પણ નાખવામાં આવ્યો હતો. પરંતુ દરેક પરિસ્થિતિમાં પ્રભુકૃપાથી તે કોઈઇજા વગર હેમખેમ બહાર આવ્યો.અંતે, હિરણ્યકશિપુએ ગુસ્સામાં પ્રહલાદને ધમકાવતા કહ્યું, તું માને છે કે ભગવાન સર્વત્ર છે, તો શું તે આ સ્તંભમાં પણ છે?પ્રહલાદે હસીને જવાબ આપ્યો, "અલબત્ત!" હિરણ્યકશિપુએ ક્રોધિત થઈ થાંભલાને લાત મારી તો થાંબલા માંથી નરસિંહ રૂપે પ્રભુ બહાર આવ્યા. વિકરાળ નરસિંહ હિરણ્યકશિપુને પકડીને દરવાજાના ઉંબરે લઈ સાંજ ના સમયે પોતાના નાખ થી ચીરી નાખ્યો આમ હિરણ્યકશિપુનું મૃત્યુ થયું જ્યારે દિવસ કે રાત ન હતી, તે મકાનની અંદર કે બહાર ન હતો અને નરસિંહ પ્રભુએ શસ્ત્રો વાપર્યા નહોતા. દેખીતું છે કે નરસિંહ પ્રાણી કે માનવ નહોતા, આમ હિરણ્યકશિપુનો અંત આવતા પ્રહલાદ રાજા બન્યો અને તેણે ભગવાન પ્રત્યેનો પ્રેમ વધારી અને ભગવાનના કાર્ય ને ઉત્તેજન આપ્યું.

# પરશુરામ અવતાર (Parshuram Avtar)

ચાતુર્વર્ણ વ્યવસ્થામાં ચાર વર્ગો સમાન ગણાતા પરંતુ સમય જતા ક્ષત્રિય વર્ગ પાયાની વાતો ભૂલી પોતાની સત્તાનો દુરુપયોગ કરતા, બીજા વર્ગના લોકોને હેરાન કરતા હતા. લોકોનું રક્ષણ કરવાને બદલે ક્ષત્રિયો લોકો પર જુલમ કરતા હતા. આ સમય ની માંગણી ને કારણે ભગવાન પરશુરામ રૂપે પૃથ્વી પર આવ્યા.પરશુરામ જમદગ્નિ અને રેણુકાના પુત્ર હતા અને તેમના માતા-પિતા સાથે આશ્રમમાં સાદું જીવન જીવતા અને તેમની આસપાસના લોકોની સંભાળ લઈ તેમને ભગવાન કેન્દ્રિત જીવન જીવવાનું શીખવાડતા. જમદગ્નિ પાસે કામધેનુ ની પુત્રી સુરભિ ગાય હતી હતી જેના થકી આ બ્રાહ્મણ પરિવાર ને કોઈ કમી ન રહેતી. એક દિવસ રાજા કાર્તવીર્ય અર્જુન જમદગ્નિના આશ્રમમાં આવ્યા અને આશ્રમ ની આગતા -સ્વાગતા જોઈ આશ્ચર્ય પામ્યા. વિગત સમઝતા ખબર પડી કે આ સઘવડો સુરભી ના કારણે છે. લાલચી બની રાજાએ ગાય માંગી, પણ જમદગ્નિએ આદર થી ના પાડી કારણ કે તે આશ્રમ ના પરિવાર ની સભ્ય હતી. એક દિવસ, જ્યારે પરશુરામ તપ કરવા ગયા હતા, ત્યારે કાર્તવીર્યએ આશ્રમ માં કેર વર્તાવ્યો અને સુરભીની ચોરી કરી.પરશુરામ જ્યારે પાછા આવ્યા ત્યારે બધી વિગત જાણી ગુસ્સે થયા અને કાર્તવીર્યને મળવા ગયા. અભિમાની રાજાએ સુરભિને પરત કરવાનો ઇનકાર કર્યો, ત્યારે ના છૂટકે પરશુરામે લડાઈ કરી અને કાર્તવીર્યને મારી સુરભિને આશ્રમમાં પાછી લાવ્યા. આ બનાવથી કાર્તવીર્યના પુત્રો વેર વાળવા આશ્રમમાં ધૂસી, જમદગ્નિ જ્યારે ધ્યાન કરી રહ્યા હતા ત્યારે તેમને મારી નાખ્યા. આવી અકારણ હત્યા જોઈ પરશુરામે ઘમંડી ક્ષત્રિય વર્ગને પાઠ ભણાવવાનું નક્કી કર્યું અને ક્ષત્રિયોની એકવીસ પેઢીઓ ની હત્યા કરી. વર્ગોમાં સમાનતા લાવવાના પ્રયાસ માં પરશુરામની આ ભૂલ હતી. ગુરુ કશ્યપ પરશુરામને સમજ આપી ખૂનખરાબો રોકવામાં અને પરશુરામના ગુસ્સાને શાંત કરવામાં સક્ષમ થયા. કશ્યપની વાત સાંભળીને પરશુરામને સમજાયું કે આમ આખી જાતિની આડેધડ હત્યા ન કરવી જોઈએ. પરશુરામે કશ્યપ ઋષિ ને વિશ્વ ગુરુ દક્ષિણમાં આપ્યું અને પ્રયાચિત કરવા તપ કરવા નીકળી પડ્યા.

# વામન અવતાર (Vaaman Avtar)

શક્તિશાળી બલીએ સ્વર્ગ અને પૃથ્વી પર શાસન કર્યું હતું. બલી એક સારો રાજા હતો પરંતુ તેમના શાસનકાળ દરમિયાન, બ્રાહ્મણો ધાર્મિક વિધિઓથી વિચલિત થઈ ગયા અને દરેક જણ તેમની ફરજો પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ભૂલી ગયા હતા.ભગવાન વિષ્ણુએ બલીને પાઠ શીખવવા માટે વામન તરીકે અવતાર લેવાનું નક્કી કર્યું. બીજી બાજુ  બલીએ એક મહાન યજ્ઞ યોજ્યો અને પોતાને દાનશીલ બતાવવા આવનાર બ્રાહ્મણ જે પણ માંગે તે આપવાનું નક્કી કર્યું. ચતુર વામન આ યજ્ઞમાં આવ્યા અને નમ્રતાપૂર્વક ત્રણ પગલાં જમીન માંગી.બલી વામન ની માંગણી પુરી કરવા તરત જ સંમત થયો. અચાનક, વામન કદમાં વધવા લાગ્યા અને તે મોટા અને મોટા જ થતા ગયા. પછી  તેમના એક પગલામાં તેમણે પૃથ્વીને આંબી, બીજા પગલામાં સ્વર્ગ લીધું. તેમની પાસે હજુ એક પગલું લેવાનું બાકી હતુ, પણ તે મૂકે ક્યાં? હવે બલીને પોતાની ભૂલ સમજાઈ. પણ સાચી સમજણ મેળવીને બલી અહીં પોતાના જીવનના સાચા ધ્યેયથી વિચલિત ના થતા નમ્રતાપૂર્વક વામનને ત્રીજું પગલું તેના માથા પર પગ મૂકવા કહ્યું. વામન બલી ની દાન વીરતાથી ખુશ થયા અને પોતે તેના રક્ષક બની પહેરેદાર બન્યા.

# બુદ્ધ અવતાર (Buddha Avtar)

સિદ્ધાર્થ ગૌતમ શાક્ય કુળના રાજકુમાર હતા. તેમના વિષે ભવિષ્યવાણી હતી કે તે કાં તો મહાન રાજા અથવા તો મહાન તપસ્વી બનશે. ગૌતમના માતા-પિતા ઇચ્છતા હતા કે તે એક મહાન રાજા બને ,તેથી નાનપણથી જીવનની તમામ મુશ્કેલીઓ અને દુઃખથી દૂર રાખવાનું નક્કી કર્યું.ગૌતમ ને વૈભાવશીલ મહેલમાં ઉછર્યો, પરંતુ જગત ની વાસ્તવિકતાથી અજાણ રાખ્યો. યુવાન થતા તેના લગ્ન યશોધરા સાથે કર્યા અને સમય જતા તેને રાહુલ નામનો પુત્ર  થયો.તેની પાસે દરેક ભૌતિક સુખ હતું, પણ કૈક ખૂટતું લાગતું હતું.એક દિવસ સિદ્ધાર્થે મહેલ છોડી મુસાફરી કરવાનું નક્કી કર્યું.રસ્તામાં તેને એક માણસ મળ્યો જે ખાંસી રહ્યો હતો.સિદ્ધાર્થ આ પહેલા ક્યારેય બીમાર વ્યક્તિને મળ્યો ન હતો તેથી નવાઈથી જોતો રહ્યો તો સારથિએ સમજાવ્યું કે આ માણસ માંદો છે અને માંદગી જેવી સામાન્ય સમસ્યા મોટાભાગે બધાને આવે. તેઓ આગળ ગયા, તો સિદ્ધાર્થે એક વૃદ્ધ માણસને જોયો.તેના મોઢા ઉપર કરચલીઓ હતી, અને તે લાકડી લઈને ચાલતો હતો. સિદ્ધાર્થે ક્યારેય વૃદ્ધ માણસને જોયો ન હતો! તેના સારથિએ ફરીથી સમજાવ્યું કે દરેક વ્યક્તિ સમય જતા વૃદ્ધ થાય છે. અંતે સિદ્ધાર્થે અંતિમ સંસ્કાર જોયો. સારથિએ સમજાવ્યું કે મૃત્યુ જીવમાત્ર નું એકમાત્ર અટલ સત્ય છે.જીવનની આ હકીકત જોઈ સિદ્ધાર્થ ઉદાસ થયો. વ્યથિત થઈ મહેલમાં પાછા ફરતી વખતે સિદ્ધાર્થે એક તપસ્વીને જોયો. તપસ્વી તેજસ્વી અને સંતુષ્ટ દેખાતો હતો.સિદ્ધાર્થે નક્કી કર્યું કે તે સંન્યાસીની જેમ આનંદિત બનવા માંગે છે.સિદ્ધાર્થે મહેલ અને બધી સંપત્તિ પાછળ છોડી બોડીના ઝાડ નીચે ધ્યાન કર્યું, જ્યાં તેણે સનાતન જ્ઞાન મેળવ્યું.સિદ્ધાર્થને સમજાયું કે ઉદાસી ઇચ્છાથી આવે છે. તેણે તેની ઈચ્છાઓને કાબૂમાં રાખવાનું નક્કી કર્યું. ત્યારથી, તેઓ બુદ્ધ તરીકે ઓળખાતા હતા. બુદ્ધ દ્વારા આપવામાં આવેલ જ્ઞાનની અસર લાખો લોકો પર પડી.એવા સમયે જ્યારે સમાજ ભૌતિકવાદમાં ડૂબી ગયો હતો, તેમણે લોકોને ત્યાગનું મહત્વ શીખવ્યું. આ કારણે તે ભગવાનનો અવતાર છે.

# રામ અવતાર (Ram Avtar)

રામનો જન્મ ઈશ્વાકુ વંશમાં થયો હતો. આ વંશમાં દિલીપ, રઘુ, અજ અને દશરથ પછી પાંચમી પેઢીએ રામનો જન્મ થયો. રામને મર્યાદા પુરુષોત્તમ અવતાર તરીકે ઓળખવામાં આવે છે કારણ કે રામનું જીવન આદર્શ મનુષ્યે કેવી રીતે જીવવું તે શીખવે છે.તે એક આદર્શ પુત્ર હતા. જ્યારે કૈકેયીએ દશરથને ફરજ પાડી રામને વનવાસ માં મોકલ્યા, ત્યારે રામે ખુશીથી અયોધ્યા છોડી ની આજ્ઞા પુરી કરી. જંગલમાં રામે પ્રેમથી આદિવાસી લોકોને સારું જીવન કેવી રીતે જીવવું તે બતાવ્યું. આદર્શ મિત્ર તરીકે ક્રિષકિંધા ના રાજા સુગ્રીવ સાથે રામે અગ્નિ સાક્ષીએ મિત્રતા કરી વાલીને હરાવ્યો. તેઓ એક આદર્શ ભાઈ પણ હતા, મુશ્કેલીઓનો આવ્યા છતાં રામ, ભરત, લક્ષ્મણ અને શત્રુઘ્ન વચ્ચે કોઈ મનભેદ ના થયો કારણકે રામ હંમેશા પોતાના સૌમ્ય વર્તનથી ભાઈઓને દોરવણી આપતા રહ્યા.રાજસૂય યજ્ઞ દ્વારા રાજ્ય ધ્યેય નિષ્ઠ બનાવ્યું અને ભગવાન કેન્દ્રિત વિચારોથી માનવજીવન સમૃદ્ધ બનાવવામાં મદદ કરી હતી.રામ સમાજને એક નવા સ્તરે લઇ ગયા તેથી આજે પણ લોકો રામરાજ્ય ઈચ્છે છે. વાલ્મીકિએ રામાયણ લખી આપણને આદર્શ માનવ જીવન કેવી રીતે જીવવું અને આખરે ભગવાન જેવું કેવી રીતે બનવું તેનું ઉદાહરણ પૂરું પાડ્યું.

Vedlink

# કૃષ્ણ અવતાર (Krishna Avtar)

કૃષ્ણને પૂર્ણ પુરુષોત્તમ તરીકે ઓળખવામાં આવે છે.કૃષ્ણ આપણને જીવનને રમત ગણી કેવી રીતે હળવું જીવન જીવાય તે શિકાવે છે.દેવકી અને વાસુદેવના પુત્ર કૃષ્ણનો જન્મ મથુરામાં જેલમેં થયો હતો, પરંતુ ઉછેર નંદ અને યશોદા ના ઘરે ગોકુળમાં થયો હતો. બાળપણમાં તોફાન કરતા કૃષ્ણે માખણ ચોર્યું અને ગોપબાળકોને ખવડાવ્યું જેથી ગોપ બાળકોનું સારી રીતે પોષણ થાય. કિશોર વયમાં કંસને હરાવ્યો, પરંતુ મથુરા પર શાસન કર્યું નહીં. આતતાયી રાજા જરાસંઘ ના સતત હુમલાથી મથુરાના લોકોને બચાવવા માટે કૃષ્ણ શૂર હોવા છતાં રણછોડ બની દ્વારકા ભાગી ગયા હતા. ધર્મસંસ્થાપન કરવા કૌરવો સામે પાંડવોને સતત માર્ગદર્શન આપી યશશ્વી બનાવ્યા. કૃષ્ણએ નબળાઓનું રક્ષણ અને શૂરોનું સશક્તિકરણ કર્યું. સમસ્તી ના કલ્યાણ માટે કૃષ્ણ પોતાની નામોશી લેતા ડરતા ન હતા.કૃષ્ણ પોતે રાજા ન હતા પણ રાજા બનાવનાર નેતા હતા. તેમનું જીવન આપણને બતાવે છે કે કેવી રીતે આનંદ કરતા ધાર્મિક જીવન જીવવું.

# કલ્કિ અવતાર (Kalki Avtar)

વિષ્ણુનો દસમો અવતાર કલ્કિ અવતાર તરીકે ઓળખાય છે.એવું અનુમાન છે કે કલ્કી અવતાર કલિયુગનો અંત લાવશે અને સતયુગ શરૂ કરવામાં મદદ કરશે. ભાગવત ની કથા મુજબ તે સફેદ ઘોડા પર સવાર થઈને આવશે.પરંતુ વાસ્તવમાં, આપણામાંથી કોઈપણ આ અવતારનું કામ કરવાનો પાયો નાખી શકે જો આપણે કૃષ્ણ ના માર્ગે ચાલી ધર્મની સ્થાપના કરવા, અધર્મને દૂર કરવા, સત્કર્મીઓનું રક્ષણ કરવા અને દુષ્ટોનો નાશ કરવાનું કામ કરીએ તો આપણે પણ તે અવતારી નું કાર્ય કરી રહ્યા છીએ.

vedInk